# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26/08/2025** **EVENING : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રીએ 'ઈ-વિટારા'ને પ્રસ્થાન કરાવતા કહ્યું કે, રોકાણ ભલે વિદેશનું હોય, પરંતુ તેમાં પરસેવો ભારતીયનો હોય, તો તે વસ્તુ સ્વદેશી જ છે**
2. **હાંસલપુરમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, ઉદ્યોગો સામાજિક-આર્થિક વિકાસનું મોટું માધ્યમ**
3. **કેન્દ્ર સરકારે ખાદ્ય સુરક્ષા જાળવવા અને સંગ્રહખોરી અટકાવવા માટે ગુજરાત સહિત તમામ રાજ્યોમાં ઘઉં પર સ્ટોક મર્યાદા લાદી**
4. **એસ ટી નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય**
5. **વિશ્વ વિખ્યાત તરણેતરના મેળાનો આજથી આરંભ. પશુ મેળો અને ગ્રામિણ ઓલિમ્પિક્સ ખાસ આકર્ષણનું કેન્દ્ર.**
6. **આવતીકાલથી શરૂ થનારા ગણેશ ઉત્સવની ઉજવણી દરમ્યાન ગણેશ પાંડાલોમાં ઓપરેશન સિંદૂર સહિતની થીમનું ડેકોરેશન**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM GUJARAT-1

ગુજરાતના પ્રવાસના બીજા દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુઝુકીના અમદાવાદના હાંસલપુર પ્લાન્ટથી પ્રથમ બેટરી ઇલેક્ટ્રિક વ્હીકલ 'ઈ-વિટારા'ને પ્રસ્થાન કરાવ્યુ, અને લિથિયમ આયન બેટરી સેલ અને ઇલેક્ટ્રોડના સ્વદેશી ઉત્પાદનનો આરંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું કે, રોકાણ ભલે કોઈ પણ દેશનું હોય, પરંતુ તેમાં પરસેવો ભારતીયનો હોય, તો તે વસ્તુ સ્વદેશી જ છે. તેમણે ઉમેર્યું કે, આ પ્લાન્ટ સ્વચ્છ ઊર્જાને વેગ આપશે અને કુલ ઉત્પાદનના 80 ટકા બેટરીનું ઉત્પાદન ભારતમાં થશે. તેમણે ઉમેર્યું હતું કે હવે વિશ્વના 100થી વધુ દેશોમાં ઉપયોગમાં લેવાનારા ઈ-વ્હીકલ પર ‘મેઇડ ઇન ઇન્ડિયા’ લખ્યું હશે, જે ‘વોકલ ફોર લોકલ’ને વધુ બળ આપશે.

(બાઇટ- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ કહ્યું કે ગણેશ ઉત્સવના આ ઉલ્લાસમાં આજે ભારતની મેક ઇન ઇન્ડિયાની યાત્રામાં નવો અધ્યાય ઉમેરાઈ રહ્યો છે. ‘મેક ઇન ઇન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ’ના આપણા લક્ષ્યની દિશામાં આ એક મોટી છલાંગ છે.

પ્રધાનમંત્રીએ આગામી વર્ષોમાં તમામ મુખ્ય ક્ષેત્રોમાં આગળ વધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો, અને આજના પ્રયાસો વિકસિત ભારત@2047નો પાયો મજબૂત બનાવવાની સાથે ભારત-જાપાનની મિત્રતા અતૂટ બનાવશે, તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

પોતાના સંબોધનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની ધરતીએ હંમેશા વિકાસ અને પ્રગતિનો માર્ગ અપનાવ્યો છે. સુઝુકી મોટર્સનું આ કદમ ગુજરાતની ઇન્ડસ્ટ્રિયલ યાત્રામાં નવો સ્વર્ણિમ અધ્યાય જોડી રહ્યો છે.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસનો રાજ્યનો પ્રવાસ પૂર્ણ કરીને બપોર બાદ અમદાવાદ એરપોર્ટ પરથી પરત જવા રવાના થયાં હતાં.

## GOVT - WHEAT STOCK LIMIT

કેન્દ્ર સરકારે ખાદ્ય સુરક્ષા જાળવવા અને સંગ્રહખોરી અટકાવવા માટે ઘઉં પર સ્ટોક મર્યાદા લાદી છે. સ્ટોક મર્યાદા ગુજરાત સહિત તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વેપારીઓ અને જથ્થાબંધ વેપારીઓ, છૂટક વેપારીઓ, મોટી ચેઇન રિટેલર્સ અને પ્રોસેસર્સને લાગુ પડશે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું હતું કે વેપારીઓ અને જથ્થાબંધ વેપારીઓ માટે સ્ટોક મર્યાદા ત્રણ હજાર મેટ્રિક ટન હતી જે સુધારેલી સ્ટોક મર્યાદામાં ઘટીને બે હજાર મેટ્રિક ટન થઈ ગઈ છે. તેવી જ રીતે, છૂટક વેપારીઓ માટે સ્ટોક મર્યાદા આઠ મેટ્રિક ટન રહેશે.

મંત્રાલયે ઘઉંનો સંગ્રહ કરતી તમામ સંસ્થાઓને દર શુક્રવારે પોર્ટલ પર સ્ટોક સ્થિતિ જાહેર કરવા અને અપડેટ કરવા જણાવ્યું છે. આગામી તહેવારોની સિઝન પહેલા ઘઉંના ભાવ નિયંત્રિત કરવાના સતત પ્રયાસોના ભાગ રૂપે, સરકારે આગામી 31 માર્ચ સુધી લાગુ પડતી ઘઉંના સ્ટોક મર્યાદામાં સુધારો કરવાનો નિર્ણય લીધો છે.

## ST ANNOUNCEMENT

રાજ્યના એસ.ટી.નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. વાહન વ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા માધ્યમ એકસ પર આ અંગેની જાહેરાત કરતાં કહ્યું કે, આ વધારા સાથે હવે એસટીના કર્મચારીઓને મોંઘવારી ભથ્થું ૫૫% ચૂકવાશે.

જ્યારે વાહનવ્યવહાર વિભાગ દ્વારા ભાદરવી પૂનમના મહામેળામાં આ વર્ષે પહેલી સપ્ટેમ્બરથી થી ૭ સપ્ટેમ્બર દરમિયાન કુલ પાંચ હજાર ૫૦૦ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે. જેને કારણે મુસાફરોને અંબાજીના મેળામાં જવા માટે સુગમતા રહેશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

## WEATHER - STATE RAIN-

રાજ્યમાં સવારે છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીના બાર કલાક દરમિયાન 51 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ વલસાડના કપરાડામાં બે અને ડાંગના સુબીરમાં દોઢ ઇંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે.

રાજયમાં આજે ઉત્તર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં અતિભારે વરસાદની આગાહી છે, ત્યારે તાપી જિલ્લામાં આજે સાર્વત્રિક વરસાદના અહેવાલ છે. નર્મદા જિલ્લામાં ભારે વરસાદને પગલે ઝરવાણી ગામમાં પૂરની પરિસ્થિતી સર્જાઈ હતી જેમાં ત્રણ પશુ તણાયા હોવાના અહેવાલ છે. છોટાઉદેપુર જિલ્લાના કવાંટમાં ધોધમાર વરસાદ વરસતા નવલાજા, રેનધા સહિત ગામોમાં પાણી ફરી વળ્યા હતા.

રાજ્યના બંધની પરિસ્થિતિની વાત કરીએતો રાજ્યની જીવા દોરી સમાન સરદાર સરોવર બંધમાં 87 ટકા જેટલો, તો ઉકાઈ બંધમાં 78 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. પોરબંદર જિલ્લામાં થયેલા ભારે વરસાદને પગલે ફોદાળા અને ખંભાળા બંધ છલકાયાં

છે. રાજ્યમાં ભારે વરસાદના પગલે 98 બંધ હાઇએલર્ટ પર, 27 એલર્ટ પર છે. વરસાદને પગલે રાજ્યમાં કુલ 174 માર્ગો બંધ છે.

હવામાન વિભાગે આવતીકાલે છોટાઉદેપુર અને નર્મદા તેમજ દક્ષિણ ગુજરાતના જીલ્લાઓમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત 30 ઓગષ્ટ સુધી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપી છે.

## KHARIF PAAK VAAVETAR

આ વર્ષે રાજ્યમાં વરસેલા સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યના ખેડૂતો દ્વારા 81 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર કરાયું છે જે કુલ વિસ્તારના 94 ટકા જેટલું છે.

અત્યાર સુધીમાં સૌથી વધુ આશરે **21.88** લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં મગફળી અને ત્યારબાદ **20.71** લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તેલીબીયા પાકોનું **30.46** લાખ હેક્ટરમાં, ધાન્ય પાકોનું **13.57** લાખ હેક્ટરમાં, કઠોળ પાકોનું **4.13** લાખ હેક્ટરમાં, ઘાસચારાનું **8.92** લાખ હેક્ટરમાં અને શાકભાજીનું **2.49** લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર પૂર્ણ થયું છે.

રાજ્યમાં ચાલુ વર્ષે મગફળી, તુવેર, સોયાબીન, ડાંગર, મઠ જેવાં પાકોનું વાવેતર છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ વાવેતરની સરખામણીએ **100** ટકાને પાર પહોંચ્યું છે.

# TARNETAR NO MELO

સુરેન્દ્રનગરમાં પાંચાળ પ્રદેશની લોક સંસ્કૃતિને ઉજાગર કરતા જગ વિખ્યાત તરણેતરના લોકમેળાનો આજથી આરંભ થયો છે. સાંસ્કૃતિક વિરાસતના સમૃધ્ધ વારસાના પ્રતિક સમો આ લોકમેળો આસપાસના ગામના લોકો માટે રોજગારીનું, સાંસ્કૃતિક વિરાસતની જાળવણીનું, કલાકારો માટે કળાના પ્રદર્શનનું એક શ્રેષ્ઠ મંચ પૂરૂં પાડે છે.

મેળાનું મુખ્ય આકર્ષણ એવા ગ્રામીણ ઓલિમ્પિક સ્પર્ધાઓમાં આસપાસના વિસ્તારના યુવાનો મોટી સંખ્યામાં ભાગ લે છે. ગ્રામીણ વિસ્તારોમાં રમતોને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજાતી આ સ્પર્ધામાં પ્રથમ દિવસે લંગડી, ગોળા ફેંક, લાંબી કૂદ, રિલે દોડ સહિતની સ્પર્ધાઓમાં યોજાઇ.

સાંભળીએ એક અહેવાલ

**(VOICE CAST: DINESH PARMAR)**

# GANESHOTSAV

આવતીકાલે ગણેશ ચતુર્થી છે ત્યારે તેની ઉજવણી માટે રાજ્યભરમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અમદાવાદ, સુરત વડોદરા સહિતના તમામ શહેરો અને નગરો તેમજ ગામડાઓમાં દુંદાળા દેવની મૂર્તિઓનું સ્થાપન કરવામાં આવશે ત્યારે

ગણેશ પંડાલોમાં ઓપરેશન સિંદૂર સહિતની વૈવિધ્યસભર થીમ ઉપર ડેકોરેશન કરવામાં આવી રહ્યું છે.

સાંભળીએ સુરતમાં ગણેશ ઉત્સવની તૈયારીઓ અંગેનો અહેવાલ....

(વોઇસ કાસ્ટ – લોપા દરબાર)

## NAVSARI NOTICE

નવસારી મહાનગર પાલિકાએ 40 શંકાસ્પદ બાંધકામોને સાત દિવસમાં કાયદેસરતા પુરવાર કરવા માટે નોટીસ આપી છે.

મહાનગર બનેલા નવસારીમાં કમિશ્નરે ગેરકાયદે બાંધકામો દૂર કરવા માટે કવાયત શરૂ કરી છે. નવસારી મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા શહેરના વિવિધ વોર્ડોમાં ચાલી રહેલા શંકાસ્પદ બાંધકામોની પ્રારંભિક તપાસ કરવામાં આવી છે.

હાલમાં ટાઉન પ્લાનિંગ વિભાગે મહાનગરના 13 વોર્ડ વિસ્તાર ઉપરાંત હાલમાં જોડાયેલા તીઘરા, એરૂ અને ધારાગીરી જેવા વિસ્તારોમાં કુલ 40 બાંધકામોને શંકાસ્પદ ઠેરવી બાંધકામના માલિકોને 2 સપ્ટેમ્બર સુધીમાં જરૂરી દસ્તાવેજ આપીને કાયદેસરતા પુરવાર કરવાની રહેશે.

# PATAN GOLD

વલસાડમાં યોજાયેલી રાજ્યકક્ષાની યોગાસન સ્પર્ધામાં પાટણનાં ચંદ્રિકા ત્રિવેદીએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

ગુજરાત યોગ બૉર્ડ દ્વારા 22થી 24 ઑગસ્ટ સુધી યોજાયેલી સ્પર્ધામાં સુશ્રી ત્રિવેદીએ આ સિદ્ધિ હાંસલ કરી. સ્પર્ધામાં તેમણે વિવિધ યોગ અને પ્રાણાયામ કર્યાં હતાં.